ખોટા ઓળખકાર્ડ, યુનિફોર્મ અને નકલી દસ્તાવેજોના આધારે ગ્રામ્ય વિસ્તારોના લોકોને બનાવ્યા શિકાર

નકલી PSI બની કરોડોની ઠગાઈ કરનાર મોબીન સોદાગરના જામીન નામંજૂર

તોડ કરવા માટે સરકારી-અર્ધસરકારી કચેરીમાં ઉપયોગ થતા સિક્કા તેમજ અન્ય નકલી દસ્તાવેજો તૈયાર કર્યા હતા

(પ્રતિનિધિ) વડોદરા, તા.16

રાજયસેવકનું ખોટો સ્વાંગ રચી, નકલી PSI તરીકે ઓળખ આપી અને ખોટા દસ્તાવેજોના આધારે બેન્કોમાંથી લોન મેળવી કરોડોની ઠગાઈ આચરવાના ગંભીર કેસમાં આરોપી મોબીન ઈકબાલ સોદાગરની રેગ્યુલર જામીન અરજી વડોદરાની સેશન્સ કોર્ટે ફગાવી દીધી છે. કોર્ટે આરોપી સામેના પુરાવા, ગુનાની ગંભીરતા અને તેના ગુનાહિત ઈતિહાસને ધ્યાનમાં રાખી જામીન આપવાનો ઈનકાર કર્યો છે. કેસની વિગતો મુજબ તાંદલજા વિસ્તારમાં આલી શાન બંગલો રાખીને રહેતા મોબીન સોદાગરે PSI અને SITના ખોટા ઓળખકાર્ડ, પોલીસ યુનિફોર્મ, વિવિધ સરકારી-અર્ધસરકારી કચેરીઓમાં ઉપયોગ થતા સિક્કા તેમજ અન્ય નકલી દસ્તાવેજો તૈયાર કર્યા હતા.

તપાસ દરમિયાન તેના કબજામાંથી અન્ય લોકોના નામે બનાવાયેલા આધારકાર્ડ, ડિસેબિલિટી કાર્ડ, વાહનોના દસ્તાવેજો અને લોન સંબંધિત કાગળો મળી આવ્યા હતા. પોલીસ દ્વારા ફાર્મહાઉસ પર દરોડો પાડતાં અનેક વાહનો પણ મળી આવ્યા હતા. ઉપરાંત તપાસમાં બહાર આવ્યું હતું કે આરોપીએ ગામડાના અણસમજ લોકોના દસ્તાવેજો મેળવી તેમના નામે લોન મેળવવાની ગેરરીતિ કરી હતી અને તેમાંથી મળેલી રકમનો અંગત ઉપયોગ કર્યો હતો. ઉપરાંત ટ્રસ્ટ ડીડમાં પણ ખોટા સીલ અને દસ્તાવેજો બનાવ્યાના આક્ષેપો થયા હતા. કોર્ટે નોંધ્યું હતું કે આરોપીનો ગુનામાં મુખ્ય રોલ છે અને તેને જામીન આપવામાં આવશે તો તે સાક્ષીઓને પ્રભાવિત કરી શકે છે તેમજ ફરી ગેરકાયદે પ્રવૃત્તિઓમાં સંડોવાઈ શકે છે. આ તમામ સંજોગોને ધ્યાનમાં રાખી 7મા એડિશનલ સેશન્સ જજ પ્રશાંત એન. રાવલે મોબીન સોદાગરની રેગ્યુલર જામીન અરજી નામંજૂર કરવાનો હુકમ કર્યો હતો.

59 ઉમેદવારોમાંથી 11 વિદ્યાર્થીઓએ સફળતા મેળવી

પ્રમુખ એકેડેમીના વિદ્યાર્થીઓનું UPSC પ્રિલિમ્સમાં ઝળહળતું પ્રદર્શન

(પ્રતિનિધિ) વડોદરા, તા.16

વડોદરાના અટલાદરા ખાતે BAPS સંસ્થા સંચાલિત પ્રમુખ એકેડેમીના વિદ્યાર્થીઓએ UPSC પ્રિલિમિનરી પરીક્ષામાં નોંધપાત્ર સફળતા મેળવી છે. પ્રમુખ સ્વામી મહારાજના સંકલ્પ અને મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી છેલ્લા ત્રણ વર્ષથી કાર્યરત આ એકેડેમી UPSC અને GPSC જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે યુવા ઉમેદવારોને માર્ગદર્શન આપી રહી છે.

એકેડેમીમાં નિષ્ણાત ફેકલ્ટી, અનુભવી મેન્ટરો અને આધ્યાત્મિક વાતાવરણ વચ્ચે વિદ્યાર્થીઓને રાષ્ટ્રનિષ્ઠા, ચારિત્ર્યનિષ્ઠા તથા કઠિન પરીક્ષાઓ માટેની સઘન તૈયારી કરાવવામાં આવે છે. પુરુષાર્થ, પ્રાર્થના અને આશીર્વાદના સમન્વયથી વિદ્યાર્થીઓને સફળતા તરફ દોરી જવાનો પ્રયાસ કરવામાં આવે છે. આ વર્ષે UPSC પ્રિલિમ્સ પરીક્ષામાં પ્રમુખ એકેડેમીના 59 ઉમેદવારોમાંથી 11 વિદ્યાર્થીઓએ સફળતા મેળવી છે. સામાન્ય રીતે UPSC જેવી કઠિન પરીક્ષાનું પરિણામ 0.1થી 0.2 ટકા જેટલું રહેતું હોવા છતાં, એકેડેમીએ આશરે 19 ટકા સફળતા હાંસલ કરીને નોંધપાત્ર સિદ્ધિ મેળવી છે.

વડોદરામાં શ્રેષ્ઠ ચોમાસા અને જનસુખાકારી માટે કાર્ય

શહેરના આજવા સરોવર ખાતે ભગવાન સત્યનારાયણની ભવ્ય કથા યોજાઈ

(પ્રતિનિધિ) વડોદરા, તા.16

ચોમાસાની ઋતુના આગમન પૂર્વે વડોદરા મહાનગરપાલિકા દ્વારા દર વર્ષની પરંપરાને જીવંત રાખતા શહેરમાં સારા વરસાદ અને નાગરિકોની સુખ-સમૃદ્ધિ માટે ભગવાન સત્યનારાયણની કથાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. વડોદરાના ઐતિહાસિક આજવા સ્થિત સયાજી સરોવર ખાતે આ ધાર્મિક કાર્યક્રમ અત્યંત ભક્તિમય અને દિવ્ય વાતાવરણમાં યોજાયો હતો. આ પરંપરાગત કથા પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય આગામી ચોમાસાની સીઝનમાં શહેરમાં પૂરતો વરસાદ થાય, જળસંગ્રહના મુખ્ય સ્ત્રોતોમાં પાણીની ભરપૂર આવક વધે અને સમગ્ર વડોદરાના નાગરિકોનું સ્વાસ્થ્ય તેમજ કલ્યાણ જળવાઈ રહે તે માટેનો હતો.

આ પવિત્ર ધાર્મિક પ્રસંગે વડોદરાના મેયરના વરદહસ્તે શાસ્ત્રોક્ત વિધિ-વિધાન સાથે પૂજા-અર્ચના અને આરતી કરવામાં આવી હતી. આ અવસરે વડોદરા મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનર, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન, વિવિધ સમિતિઓના હોદ્દેદારો, ચૂંટાયેલા કોર્પોરેટરો તેમજ કોર્પોરેશનના ઉચ્ચ અધિકારીઓ અને કર્મચારીઓ મોટી સંખ્યામાં શ્રદ્ધાપૂર્વક ઉપસ્થિત રહ્યા હતા. કથા દરમિયાન ઉપસ્થિત તમામ મહાનુભાવો અને પદાધિકારીઓ દ્વારા એકચિત્તે વડોદરા શહેરના સર્વાંગી વિકાસ, શ્રેષ્ઠ ચોમાસા અને જનસુખાકારી માટે ભગવાન સત્યનારાયણના ચરણોમાં ભાવપૂર્વક પ્રાર્થના કરવામાં આવી હતી.

આજવા સરોવરના કિનારે યોજાયેલો આ સમગ્ર કાર્યક્રમ ભક્તિરસ અને દિવ્ય માહોલ વચ્ચે સંપન્ન થયો હતો. ચોમાસું શરૂ થાય તે પહેલાં યોજાતી આ પરંપરાગત કથાને લઈને વડોદરા મહાનગરપાલિકાના તમામ પદાધિકારીઓ અને વહીવટી તંત્રના અધિકારીઓમાં અનોખો ધાર્મિક ઉત્સાહ, શ્રદ્ધા અને આસ્થાનો ત્રિવેણી સંગમ જોવા મળ્યો હતો.

જરૂરિયાતમંદ બાળકોને શિક્ષણમાં સહાય મળે તેવો ઉમદા આશય

આમળા, શહેરા ગામ સહિત પાદરામાં વિદ્યાર્થીઓને નિઃશુલ્ક નોટબુક-ચોપડાનું વિતરણ

(પ્રતિનિધિ) પાદરા, તા.16

પાદરા નગરપાલિકાના વોર્ડ નં. ૪ના સભ્ય તથા હરસિદ્ધિ જ્વેલર્સના મહેશભાઈ રાજપૂત દ્વારા તેમના સ્વર્ગસ્થ માતા-પિતા અને ભાઈની સ્મૃતિમાં દર વર્ષે જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને નિઃશુલ્ક નોટબુક-ચોપડાનું વિતરણ કરવામાં આવે છે. આ વર્ષે પણ પાદરા શહેર ઉપરાંત શહેરા અને આમળા ગામમાં વિદ્યાર્થીઓને નિઃશુલ્ક નોટબુક-ચોપડાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

મૂળ આમળા ગામના વતની મહેશભાઈ રાજપૂતના પરિવાર દ્વારા છેલ્લા ઘણા વર્ષોથી વિદ્યાદાનના ઉમદા હેતુ સાથે અભ્યાસ કરતા અને જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને નિઃશુલ્ક

નોટબુક-ચોપડાનું વિતરણ કરવામાં આવે છે. તેઓ દર વર્ષે તેમના સ્વર્ગસ્થ માતા-પિતા અને ભાઈની સ્મૃતિમાં આ સેવાકીય કાર્ય સતત કરી રહ્યા છે. આ વર્ષે પણ પાદરા શહેર તેમજ પાદરા તાલુકાના શહેરા ગામ અને આમળા ગામની પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને નોટબુક-ચોપડાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મહેશભાઈ રાજપૂતના પરિવારજનોમાં તેમના સુપુત્ર ભરતભાઈ, અક્ષયભાઈ અને તુષારભાઈ સહિત આમળા ગામના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત મહાનુભાવો તેમજ નોટબુક-ચોપડાના દાતાનું શાળા પરિવાર દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. આ વર્ષે આમળા, શહેરા ગામ તેમજ પાદરા નગર સહિત વિવિધ સ્થળોએ અંદાજે ૮ હજાર નોટબુક-ચોપડાનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, છેલ્લા ઘણા વર્ષોથી આમળા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને મહેશભાઈ રાજપૂત પરિવાર દ્વારા નિઃશુલ્ક નોટબુક-ચોપડાનું વિતરણ કરવામાં આવે છે,

વડોદરામાં ૧૮મી જૂને રોજગાર અને એપ્રેન્ટીસ ભરતી મેળો યોજાશે

૧૫૦થી વધુ જગ્યાઓ માટે લાયક ઉમેદવારોની સ્થળ પર જ પસંદગી કરાશે

(પ્રતિનિધિ) વડોદરા, તા.16

મદદનીશ નિયામક (રોજગાર) ની કચેરી અને મોડેલ કરિયર સેન્ટર, વડોદરાના સંયુક્ત ઉપક્રમે આગામી તા. ૧૮/૦૬/૨૦૨૬ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે એક ભવ્ય રોજગાર અને એપ્રેન્ટીસ ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ભરતી મેળો મદદનીશ નિયામક (રોજગાર)ની કચેરી, પ્રથમ માળ, આઈ.ટી.સી. બિલ્ડીંગ, આઈ.ટી.આઈ. કેમ્પસ, તરસાલી, વડોદરા ખાતે યોજાશે, જેમાં વિવિધ ક્ષેત્રની પ્રતિષ્ઠિત કંપનીઓના પ્રતિનિધિઓ રૂબરૂ ઉપસ્થિત રહીને યોગ્ય ઉમેદવારોના સ્થળ પર જ ઈન્ટરવ્યુ પ્રક્રિયા હાથ ધરશે. આ ભરતી મેળાના માધ્યમથી સર્વિસ સેક્ટર, મેન્યુફેક્ચરિંગ, સેલ્સ, ઈન્સ્યોરન્સ અને બી.પી.ઓ. ક્ષેત્રની અગ્રણી કંપનીઓમાં સેલ્સ એક્ઝિક્યુટિવ, કેશીયર, હેલ્પર, ટેલર, ક્યુ.સી. એન્જિનિયર, ફેબ્રિકેશન, ટર્નર ઓપરેટર, ફીટર, વેલ્ડર, કસ્ટમર સર્વિસ એસોસિએટ, ગ્રુપ ક્રેડિટ ઓફિસર, ટ્રેઈની, સર્વિસ એન્જિનિયર, ઈન્સ્ટ્રુમેન્ટેશન એન્જિનિયર અને મિગ વેલ્ડર જેવી વિવિધ ૧૫૦થી વધુ જગ્યાઓ પર સીધી ભરતી કરવામાં આવનાર છે. આ મેળામાં ધોરણ-૧૦ પાસ, ૧૨ પાસ, આઈ.ટી.આઈ., ડિપ્લોમા તેમજ સ્નાતક (બી.કોમ., બી.એ., બી.બી.એ.) જેવી શૈક્ષણિક લાયકાત ધરાવતા ૧૮થી ૩૫ વર્ષની વયના તમામ પુરુષ અને મહિલા ઉમેદવારો ભાગ લઈ શકશે.

આ નાટકના અત્યાર સુધી ૧૫ સફળ પ્રયોગો થઈ ચૂક્યા છે

શહેરમાં રવિવારે અહિલ્યાબાઈ હોલકરના જીવન પર આધારિત લોકમાતા નાટકની પ્રસ્તુતી થશે

(પ્રતિનિધિ) વડોદરા, તા.11

પુણ્યશ્લોક અહિલ્યાબાઈ હોલકરના ૩૦૦માં જન્મ શતાબ્દિ વર્ષ નિમિત્તે મહારાષ્ટ્ર સમાજ, અમદાવાદ દ્વારા રાજમાતા અહિલ્યાબાઈ હોલકરના જીવન પર આધારિત મહાનાટય લોકમાતા (હિંદી ભાષામાં) નું નિર્માણ કરાયું છે. જેનું મંચન વડોદરાની ૯૦ વર્ષ જૂની નાટય સંસ્થા બરોડા અમેચ્યોર્સ ડ્રામેટિક ક્લબ દ્વારા મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના સહયોગથી વડોદરવાસીઓ માટે કરવામાં આવશે. જે વિશે આયોજકોએ જણાવ્યું હતું કે, ડૉ. નંદિનીબેન દેશપાંડે દ્વારા લિખિત અને ડૉ. ધવલ વર્તક દ્વારા દિગ્દર્શિત આ નાટકમાં કુલ ૪૦ કલાકારો દેખાશે. આ નાટકના

અત્યાર સુધી ૧૫ સફળ પ્રયોગો થઈ ચૂક્યા છે. ઉત્કૃષ્ટ અભિનય, સુંદર પ્રકાશયોજના અને ભવ્ય ઐતિહાસિક સેટ માટે આ નાટક વખાણાયેલ છે. એક સામાન્ય શિવભક્ત બાલિકાથી માંડીને પ્રજાવત્સલ લોકમાતા સુધીની અહિલ્યાબાઈ હોલકરની પ્રેરણાદાયી સફર દર્શાવતું આ નાટક ત્યાગ, સેવા, ન્યાય, મહિલા-સશક્તિકરણ અને રાષ્ટ્રહિતના તેમના આદર્શોને નવી પેઢી સુધી પહોંચાડવાનો પ્રયાસ કરે છે. રવિવારને તા. ૨૧ જૂન ૨૦૨૬ ના રોજ આ નાટકના બે પ્રયોગો ચં. ચી. મેહતા ઓડિટોરિયમ, મ. સ. યુનિવર્સિટી, વડોદરા ખાતે આયોજિત કરવામાં આવેલ છે. નાટકનો પહેલો શો સાંજે ૫:૩૦ વાગ્યે અને બીજો શો રાત્રે ૮:૩૦ વાગ્યે ભજવવામાં આવશે.

70 હજાર કરોડના પ્રોજેક્ટ્સનો સંકલ્પ

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં GNFCનો સુવર્ણ જયંતિ મહોત્સવ

ભરૂચના 50 ગામોના વિકાસ માટે 'વિકસિત ગામો-વિઝન 2047' પહેલની શરૂઆત

(પ્રતિનિધિ) વડોદરા, તા.16

ગુજરાત નર્મદા વેલી ફર્ટિલાઈઝર્સ એન્ડ કેમિકલ્સ લિમિટેડ (GNFC) ના સુવર્ણ જયંતી મહોત્સવની ઉજવણી પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં ભરૂચમાં આવેલ નર્મદા નગર ખાતે ખાતે રાખવામાં આવી હતી. મુખ્યમંત્રીએ આ પ્રસંગે કહ્યું કે, ₹GNFCની પાંચ દાયકાની સફળતા ગુજરાતના વિકાસ, ખેડૂતોની સમૃદ્ધિ અને આત્મનિર્ભર ભારત માટેના યોગદાનની અનન્ય ગાથા છે.વિકસિત-આત્મનિર્ભર ભારત 2047ના સંકલ્પમાં ઉત્કૃષ્ટ યોગદાન માટે GNFCએ તૈયાર કરેલા રોડમેપને વર્તમાન 7 હજાર કરોડના પ્રોજેક્ટ્સને 10 ગણા વધારીને 2047 સુધીમાં 70 હજાર કરોડના પ્રોજેક્ટ્સ સુધી લઈ જવામાં આવે. તેમણે ઉમેર્યું કે રાજ્ય સરકારે પણ વિકસિત ભારત માટે 'વિકસિત ગુજરાત 2047' નો

રોડમેપ 6 રિજીયનમાં સર્વગ્રાહી વિકાસ માટેના લોંગ ટર્મ વિઝન સાથે તૈયાર કર્યો છે. દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સુશાસનના સળંગ 12 વર્ષ પૂર્ણ થવાના અવસર અને GNFCની ગોલ્ડન જ્યૂબિલીના સુભગ સમન્વયને ગણાવતા મુખ્યમંત્રીએ જણાવ્યું કે, વડાપ્રધાનના નેતૃત્વમાં 12 વર્ષમાં ભારત વિશ્વની ત્રીજી મોટી અર્થવ્યવસ્થા બનવા તરફ તેજ ગતિએ આગળ વધ્યું છે. તેમણે જાહેર ક્ષેત્રના સાહસો (PSU)ના યોગદાનનો ઉલ્લેખ કરતા કહ્યું કે, વડાપ્રધાનએ PSUને વધુ કાર્યક્ષમ, પારદર્શક અને પ્રોફેશનલ એપ્રોચ સાથે પ્રોફીટેબલ બનાવ્યા છે. મુખ્યમંત્રીએ GNFCની સ્થાપનાના હેતુની સરાહના કરતા કહ્યું કે,ખેડૂતોને ઉચ્ચ ગુણવત્તાયુક્ત ખાતરો પૂરા પાડી કૃષિ ઉત્પાદકતા વધારવી,કેમિકલ ક્ષેત્રે દેશને આત્મનિર્ભર બનાવવો,પર્યાવરણ જાળવણી સાથે આર્થિક-સામાજિક વિકાસની નેમ સાકાર કરવી અને નીમ પ્રોજેક્ટ મહિલા સશક્તિકરણનું અનોખું ઉદાહરણ પૂરું પાડ્યું છે. GNFCના નીમ પ્રોજેક્ટ અંતર્ગત લીંબોડી ભેગી કરવાના કામોમાં ગ્રામીણ મહિલાઓના સેલ્ફ હેલ્પ ગ્રૂપને જોડીને અંદાજે 4.50 લાખથી વધુ બહેનોને આર્થિક રીતે પગભર કરવાનું ભગીરથ કાર્ય કરવામાં આવ્યું છે.સાથે ભરૂચ જિલ્લાના 50 ગામોના સર્વાંગી વિકાસ માટેની '50 વિકસિત ગામો - વિઝન 2૦૪૬' મહત્વાકાંક્ષી પહેલ માટે GNFC મેનેજમેન્ટને આવકારી હતી.

સ્ટોપ ડાયરિયા અભિયાન ૧૬ જૂનથી ૩૧ જુલાઈ 2026

ORS દ્વારા બાળકોને ડાયરિયાથી સુરક્ષિત રાખીએ : આરોગ્ય વિભાગ દાહોદ

ORS શરીરમાં પાણી અને ક્ષારનું સંતુલન જાળવી ડિહાઇડ્રેશનથી બચાવે છે

(પ્રતિનિધિ) દાહોદ, તા.16

બાળકોમાં ડાયરિયાના કારણે થતા મૃત્યુને અટકાવવા તથા ડાયરિયા અંગે જનજાગૃતિ ફેલાવવાના હેતુથી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા તા. 16 જૂનથી 31 જુલાઈ, 2026 દરમિયાન "સ્ટોપ ડાયરિયા અભિયાન₹ નું આયોજન કરવામાં આવ્યું છે. ડાયરિયા એક સામાન્ય પરંતુ ગંભીર બની શકે એવો રોગ છે, જેને યોગ્ય સમયે સારવાર અને સાવચેતી દ્વારા સંપૂર્ણપણે અટકાવી શકાય છે. બાળકોમાં ડાયરિયાના પ્રથમ લક્ષણો દેખાય ત્યારે તરત જ નીચે મુજબના પગલાં લેવા આરોગ્ય વિભાગ દ્વારા અપીલ કરવામાં આવી છે.

ડાયરિયા સામે રક્ષણ માટેના 4 મહત્વપૂર્ણ પગલાં જેવા કે ORS નો તાત્કાલિક ઉપયોગ કરો બાળકને પાતળા ઝાડા શરૂ થાય ત્યારે તરત જ ORS (ઓરલ રિહાઈડ્રેશન સોલ્યુશન) પીવડાવો. ORS નો એક પેકેટ 1 લિટર સ્વચ્છ પાણીમાં ભેળવી તૈયાર કરવો અને 24 કલાકની અંદર તેનો ઉપયોગ કરવો. 14 દિવસ સુધી ઝિંકની ગોળીઓ આપો ડાયરિયા દરમિયાન અને પછી બાળકને 14 દિવસ સુધી ઝિંકની ગોળીઓ આપવાથી બાળક ઝડપથી સ્વસ્થ થાય છે અને ભવિષ્યમાં ડાયરિયાની શક્યતા ઘટે છે. સાબુ અને પાણીથી હાથ ધોવાની ટેવ અપનાવો નીચેના પ્રસંગોએ હાથ ધોવા અત્યંત જરૂરી છેઃ માત્ર સ્વચ્છ અને સલામત પાણીનો ઉપયોગ કરો હંમેશા ઉકાળેલું, ફિલ્ટર કરેલું અથવા સલામત પીવાનું પાણી વાપરો અને તેને સ્વચ્છ તથા ઢાંકેલા વાસણમાં સંગ્રહિત રાખો. લક્ષણો ગંભીર જણાય તો તરત સારવાર લો. જો બાળકમાં ડાયરિયાના લક્ષણો વધુ ગંભીર બને, સતત ઉલ્ટી થાય, પાણીની અછત જણાય અથવા અન્ય તકલીફો થાય તો નજીકની આરોગ્ય સંસ્થા ખાતે તાત્કાલિક સંપર્ક કરવો. આરોગ્ય વિભાગ દ્વારા તમામ વાલીઓને અપીલ કરવામાં આવે છે કે, તેઓ પોતાના બાળકોના સ્વાસ્થ્ય માટે સ્વચ્છતા જાળવે, સલામત પાણીનો ઉપયોગ કરે અને ડાયરિયાના પ્રથમ લક્ષણો દેખાતાં જ ORS તથા ઝિંકનો ઉપયોગ શરૂ કરે.

લુપ્તપ્રાય પરંપરાગત કલાઓને જાળવી રાખવા અને પ્રોત્સાહન આપવાનો આશય

વડોદરા શહેર ખાતે વિકસિત ભારત સંકલ્પ સંમેલન યોજાયું

(પ્રતિનિધિ) વડોદરા, તા.16

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના શાસનના 12 વર્ષ પૂર્ણ થવાના અવસરે ભારતીય જનતા પાર્ટી દ્વારા રાજ્યભરમાં વિશ્વાસ, વિકાસ અને જનકલ્યાણ અભિયાન અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. તેના ભાગરૂપે વડોદરા જિલ્લા ભાજપ દ્વારા સોખડા સ્વામિનારાયણ મંદિર ખાતે વિકસિત ભારત સંકલ્પ સંમેલન અને પ્રબુદ્ધ નાગરિક સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીના છેલ્લા 12 વર્ષના કાર્યકાળ દરમિયાન પ્રાપ્ત થયેલી સિદ્ધિઓ અને જનકલ્યાણકારી યોજનાઓને દર્શાવતી પ્રદર્શન યોજાયું હતું. કાર્યક્રમમાં વડોદરા જિલ્લાના સહપ્રભારી મંત્રી કમલેશ પટેલ, રાજ્યના પૂર્વ મંત્રી આઈ.કે. જાડેજા, જિલ્લા ભાજપાના પ્રભારી ડૉ. ઋત્વિજ પટેલ, જિલ્લા ભાજપા પ્રમુખ તેમજ ધારાસભ્યો અક્ષય પટેલ, ધર્મેન્દ્રસિંહ વાઘેલા અને કેતન ઈનામદાર સહિત અનેક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે હસ્તકલા ક્ષેત્રે નોંધપાત્ર યોગદાન બદલ પ્રતિમા પિનાકીન શાહનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. તેઓ હસ્તકલા ક્ષેત્રમાં આગવું સ્થાન ધરાવે છે અને રાજ્ય સરકારના કુટીર તથા હસ્તકલા વિભાગ દ્વારા અપાતા એવોર્ડ માટે બે વખત નોમિનેટ થઈ ચૂક્યા છે. રાજ્ય સરકારના ઈન્ડેક્સ-સી દ્વારા આયોજિત હસ્તકલા મેળાઓમાં પણ તેમની કૃતિઓને વિશેષ સ્થાન આપવામાં આવે છે. પ્રતિમા શાહ પીઠોરા વર્ક, મધુબની આર્ટ, વારલી આર્ટ, મડ મિરર વર્ક, ઈકો-ફ્રેન્ડલી ગણપતિ નિર્માણ, વોલપીસ, ચોક

પેઇન્ટિંગ, વોલ આર્ટ તેમજ જૂના કપડાંમાંથી ઉપયોગી અને કલાત્મક વસ્તુઓ બનાવવાની કળામાં નિપુણ છે. લુપ્તપ્રાય પરંપરાગત કલાઓને જાળવી રાખવા અને પ્રોત્સાહન આપવા માટે તેમના કાર્યની વ્યાપક પ્રશંસા થઈ રહી છે.

આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ
(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિ. અને આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી)
CIN : L65110TN2014PLC097792
રજીસ્ટર્ડ ઓફિસ : કેઆરએમ ટાવર્સ, આઠમો માળ, હેરીંગટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ–૬૦૦૦૩૧
ટેલી. : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦ ફેક્સ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

પરિશિષ્ટ–૪ (રૂલ ૮[૧]) કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે)

નીચે સહી કરનાર **આઈડીએફસી ફર્સ્ટ બેંક લીમીટેડ (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિ. અને આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી)** અધિકૃત અધિકારીએ સિક્યુરાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ અને તેમને આ ધારાની કલમ ૧૩ (૧૨) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ તેમને મળેલ સત્તા હેઠળ **તા.૧૯/૧૧/૨૦૨૫** ના રોજ નોટીસ બજાવીને **દેવાદાર, સહ–દેવાદારો અને જામીનદારો ૧. રાહુલ ચૌધરી, ૨. ચૌધરી રમેશભાઈ,** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા.૨૫,૯૧,૨૪૬.૩૧/– (અંકે રૂપિયા પંચ્ચીસ લાખ એકાણું હજાર બસો છેતાલીસ અને એકત્રીસ પૈસા પુરા) તા.૧૮.૧૧.૨૦૨૫ ના રોજના** આ ડીમાન્ડ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદારો આ રકમ પરત ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારા કલમ (૧૩) ની પેટા કલમ (૪) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ના રૂલ ૮ સાથે વંચાણે લઈ તેમને આપવામાં આવેલ અધિકાર અનુસાર **તા.૧૩ મી જુન ૨૦૨૬** ના રોજ આ સંપત્તિનો **કબજો** સંભાળી લીધેલ છે.

ખાસ કરીને દેવાદારો અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **આઈડીએફસી ફર્સ્ટ બેંક લીમીટેડ (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિ. અને આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી)** ની રકમ **રૂા.૨૫,૯૧,૨૪૬.૩૧/– (અંકે રૂપિયા પંચ્ચીસ લાખ એકાણું હજાર બસો છેતાલીસ અને એકત્રીસ પૈસા પુરા)** અને તેના ઉપરના વ્યાજને આધિન રહેશે.

દેવાદારનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષિત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

સ્થાયી મિલકતોનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત જે 'શ્યામલ હાઈટ્સ' ટાવર 'એલ'ના ૧૦મા માળ નો ફ્લેટ નં.એલ–૧૦૦૨, કારપેટ એરિયા માપ ૪૮.૧૮ ચો.મી બાલ્કની માપ ૧.૯૦ ચો.મી, વોશ એરિયા માપ ૧.૮૩ ચો.મી, ટેરેશ માપ ૫૫.૧૮ ચો.મી વણવહેચાયેલ કોમન રોડ અને કોમન પ્લોટ માપ ૧૮.૫૮ ચો.મી વિકસીત જમીન બ્લોક /સર્વે નં.૧૩૨ પેકી ૨ (જુનો સર્વે નં.૧૯૧, ૨૦૦/૨), બ્લોક /સર્વે નં.૧૩૨ (જુનો સર્વે ૧૯૧, ૨૦૦/૨), મુ. મોજે. અંખોલ, રજી.ડિસ્ટ્રિક્ટ અને સબ–ડિસ્ટ્રીકટ. વડોદરા, જી.વડોદરા, ગુજરાત–૩૯૦૦૧૯ ખાતે આવેલ છે. જેની ચતુર્દિશા :**પૂર્વ તરફ** : ઓટીએસ પેસેજ, લીફટ અને ફ્લેટ નં. એલ–૧૦૦૧, **પશ્ચિમ તરફ** : સરકારી રોડ,**ઉત્તર તરફ** : ફ્લેટ નં.એમ–૧૦૦૨નું ટેરેશ, **દક્ષિણ તરફ** : ફ્લેટ નં.કે–૧૦૦૧ નું ટેરેશ આવેલ છે.

સહિ/–
અધિકૃત અધિકારી
આઈડીએફસી ફર્સ્ટ બેંક લીમીટેડ
(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિ. અને આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી)

તારીખ : ૧૩/૦૬/૨૦૨૬
સ્થળ : ગુજરાત
લોન ખાતા નં.: ૧૫૮૭૨૭૬૩૧

માંજલપુરના ટેકનિશિયનને બે મહિના ભાડું ચૂકવ્યા બાદ રૂપિયા આપવાનો બંધ કરી દીધું

રૂ. ૪૫ હજારના માસિક ભાડે ફેરવવા લીધેલી કાર પરત ન આપી ઠગે હડપ કરી નાખી

ભાડું અને ગાડી પણ નહીં મળે તારાથી થાય તે કરી લેજે જેવી ધમકી આપતા પોલીસ ફરિયાદ

(પ્રતિનિધિ) વડોદરા, તા.16

માંજલપુર વિસ્તારમાં રહેતા ટેકનિશિયનને પોતાની બલેનો કાર ભાડે આપવી ભારે પડી છે. કાર ભાડે લેનાર વ્યક્તિએ શરૂઆતના થોડા મહિનાનું ભાડું ચૂકવ્યા બાદ ભાડું આપવાનું બંધ કરી દીધું હોવા ઉપરાંત કાર પણ પરત ન આપતાં આખરે ટેકનીસી અને પોલીસનો આશરો લીધો છે. માંજલપુરના સાઈનાથ હાઉસિંગ બોર્ડ વિસ્તારમાં રહેતા જગદીશભાઈ કાળીદાસ રાજપુતે પોતાના ઉપયોગ માટે કાર ખરીદી હતી. માર્ચ-2025 દરમિયાન તેમના સાળા રામસિંહ ઝાલાએ ઓળખાણ કરાવી હતી કે તેમના સંબંધી વિપુલભાઈ કાર ભાડે રાખશે અને માસિક રૂ.45 હજાર ભાડું આપશે. ત્યારબાદ 5 જૂન, 2